# D2D READY RECKONER

## ENGINEERING ADMISSION

## એડમિશન કમિટી

- ગુજરાતની મોટાભાગની એન્જીનીયરીંગ કોલેજોના D2Dના એડમિશન ACPC (https://acpc.gujarat.gov.in) દ્વારા Diploma to Degree Common Entrance Test (DDCET) રેન્કના આધારે તમામ બ્રાન્ચના વિદ્યાર્થીઓ માટે કોમન મેરીટ લિસ્ટ બનાવીને https://gujacpc.admissions.nic.in પર ઓનલાઇન કરવામાં આવશે.
- **કોઈપણ બ્રાન્ચનો વિદ્યાર્થી કોઈપણ બ્રાન્ચમાં એડમિશન લઈ શકે છે.**

## શૈક્ષણીક લાયકાત

- ડિપ્લોમાની પરીક્ષા મિનિમમ 45% માર્કસ (40% for EWS/SEBC/SC/ST) સાથે પાસ કરેલ હોવી જોઈએ તેમજ DDCETની પરીક્ષા આપેલ હોવી જોઈએ.

## બેઠકોની ફાળવણી

- પ્રથમ વર્ષની કુલ બેઠકોની 10% બેઠકો ઉપરાંત પ્રથમ વર્ષમાં ખાલી રહેલી બેઠકો પર D2Dના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

## રજીસ્ટ્રેશન

- ડિપ્લોમાના છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષા પછી મુખ્ય સમાચારપત્રોમાં એડમિશન કમિટીની જાહેરાત આવે ત્યારે નિયત સમય મર્યાદામાં https://gujacpc.admissions.nic.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશનની પ્રીન્ટ સાચવીને રાખવી જરૂરી છે.

## એડમિશન પ્રક્રિયા

- **મેરીટ લિસ્ટઃ** એડમિશન કમિટી દ્વારા DDCET રેન્કના આધારે તમામ બ્રાન્ચના વિદ્યાર્થીઓ માટે કોમન મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે.
- **એડમિશન રાઉન્ડ્સઃ** એડમિશનના રાઉન્ડ નીચે મુજબ યોજાય છેઃ
  - **મોક રાઉન્ડ (પ્રેક્ટીસ રાઉન્ડ)**
    - મોક રાઉન્ડ એ ચોઈસ ફીલિંગ અને એલોટમેન્ટ પ્રોસેસ સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતું નથી.
  - **રાઉન્ડ –1 (એક્ચ્યુલ એડમિશન રાઉન્ડ)**
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવી શકાય છે. TFWS (Tuition Fee Waiver Scheme) બેઠકો આ રાઉન્ડમાં જ ભરાઈ જાય છે માટે ચોઈસ ફીલિંગ કાળજીપૂર્વક કરવી. TFWS અને NON-TFWSની ચોઈસ જુદી–જુદી ભરવાની હોય છે. ચોઈસ ફીલિંગની પ્રીન્ટ ખાસ સાચવીને રાખવી.
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઈન ટોકન ફી ભરી એડમિશન લેટરની પ્રિન્ટ લેવાની રહેશે.
    - રાઉન્ડ–1નું એડમિશન કન્ફર્મ કરો કે ના કરો, રાઉન્ડ–2માં તો તમે ભાગ લઈ જ શકો છો.
  - **રાઉન્ડ–2 (રીશફલીંગ રાઉન્ડ)**
    - રાઉન્ડ–2માં એટલી જ ચોઈસ ભરવી કે જેમાં એડમિશન મળે તો 100% લેવું જ હોય.
    - જો રાઉન્ડ–2માં નવી બેઠક ફાળવવામાં આવે તો રાઉન્ડ–1નો પ્રવેશ આપમેળે રદ થઈ જશે અને ફરજીયાતપણે વિદ્યાર્થીએ રાઉન્ડ–2માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે.
    - જો રાઉન્ડ–2માં વિદ્યાર્થીએ ભરેલી ચોઈસમાં એડમિશન ના મળે તો રાઉન્ડ–1 નું કન્ફર્મ કરાવેલુ એડમિશન ચાલુ રહેશે.
  - **ઓફલાઈન રાઉન્ડ**
    - રીશફલિંગ રાઉન્ડ બાદ સરકારી કોલેજોની ખાલી રહેલી બેઠકો માટે એડમિશન કમિટી દ્વારા ઓફલાઈન રાઉન્ડ યોજાય છે જ્યારે SFI કોલેજોમાં જે કોલેજમાં એડમિશન લેવું હોય ત્યાં રૂબરૂઅરજી કરવાની રહેશે.

**DDCET MCQ App**

Scan to Download

DDCET MCQ

**D2D Admission App**

Scan to Download

D2D ENGINEERING GUJARAT

## Diploma to Degree Common Entrance Test (DDCET)

- DDCET એ D2D કોર્ષમાં પ્રવેશ મેળવવા માટેની GTU (Gujarat Technological University) દ્વારા લેવામાં આવતી પરીક્ષા છે.
- DDCET 2.5 કલાકની પેપર આધારીત ઓફલાઇન ટેસ્ટ છે, જેના ફોર્મ ફેબ્રુઆરીમાં ભરાય છે અને પરીક્ષા માર્ચ / એપ્રિલમાં લેવાય છે.
- પરીક્ષાનું ફોર્મ https://gujacpc.admissions.nic.in વેબસાઇટ પર ઓનલાઇન ભરી શકાશે. ઉપરાંત DDCET રેન્ક પણ ઓનલાઇન જ જાહેર કરવામાં આવશે. પરીક્ષા અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં આપી શકાય છે.
- Eligibility: દેશના કોઈ પણ માન્ય બોર્ડ અથવા યુનિવર્સિટીમાં ડિપ્લોમાના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ અગાઉના વર્ષમાં ડિપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થીઓ DDCET પરીક્ષા આપી શકે છે. આ ઉપરાંત ગુજરાતમાંથી B.Sc. અને Diploma Vocational ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકશે.
- જે વિદ્યાર્થીઓએ Remedial exam આપેલ હોય અને રિઝલ્ટ જાહેર થવાનું બાકી હોય તેઓ પણ રજીસ્ટ્રેશન કરાવી શકશે. મેરીટ જાહેર થાય ત્યાં સુધીમાં જેમના રિઝલ્ટ જાહેર થશે એવા વિદ્યાર્થીઓનો ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે.
- ગુજરાતમાં રાજકોટ, મોરબી, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભુજ સહિત કુલ 33 એક્ઝામ સેન્ટર છે. વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન દરમ્યાન 3 એક્ઝામ સેન્ટરની ચોઇસ આપવાની રહેશે.
- **DDCET સ્કોર માત્ર જે તે વર્ષના એડમિશન માટે જ માન્ય રહેશે.**

**DDCET Exam Pattern**

| Paper | Description | No. of Questions | Marks |
|---|---|---|---|
| BE 01 | Basics of Science & Engineering | 50 | 100 |
| BE 02 | Aptitude Test (Maths & Soft Skill) | 50 | 100 |
| | **Total** | **100** | **200** |

Correct Answer: +2 marks, Wrong Answer: -0.5 marks, Unanswered: 0 marks

જે વિદ્યાર્થીઓએ DDCETની પરીક્ષા ના આપી હોય તેઓ પણ SFI કોલેજોમાં ખાલી રહેલ બેઠકો પર એડમિશન લઈ શકે છે. જેના માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

## સ્કોલરશીપ

- **TFWS (Tuition Fee Waiver Scheme)** જે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 8,00,000/- થી ઓછી હોય તેને TFWSનો લાભ મળવાપાત્ર છે. કુલ બેઠકોની 5% સુપરન્યુમેરરી (વધારાની) બેઠકો TFWS હોય છે જે મેરીટ નંબરના આધારે ACPC દ્વારા જ ભરવામાં આવે છે. જો વિદ્યાર્થીને TFWS હેઠળ એડમિશન મળે તો પૂરા અભ્યાસક્રમ દરમ્યાન ટ્યુશન ફી ભરવાની હોતી નથી. TFWS બેઠકો માટે અલગ ચોઇસ ભરવાની હોય છે. આ યોજનાનો લાભ લેવા માટે ACPC રજીસ્ટ્રેશન સમયે જ TFWS માટે ટીક કરવાનું હોય છે તેમજ TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જન સેવા કેન્દ્ર પરથી કઢાવેલ આવકનો દાખલો જોડવાનો રહેશે.
- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના** (MYSY) અંતર્ગત ડિપ્લોમા એન્જીનીયરીંગમાં 65% (CGPA 7) કે તેથી વધુ મેળવી ડીગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થી કે જેના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 6,00,000/- થી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા વાર્ષિક ટ્યુશન ફીની 50% રકમ અથવા Rs. 50,000/- પૈકી જે ઓછી રકમ હોય તેટલી સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.
- **Digital Gujarat Scholarships (www.digitalgujarat.gov.in)**
  - **SC/ST (અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ) કેટેગરીના** તમામ વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 2,50,000/- થી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા ટ્યુશન ફીની 100% રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. માત્ર ગર્લ્સ માટેઃ જો કુટુંબની કુલ આવક Rs. 6,00,000/- સુધીની હોય તો ટ્યુશન ફી + નિભાવ ખર્ચ અને જો આવક Rs. 6,00,000/- કરતાં વધારે હોય તો માત્ર નિભાવ ખર્ચ મળવાપાત્ર છે. Vacant Quotaમાં એડમિશન મેળવનાર ST કેટેગરીના વિદ્યાર્થીને આ સ્કોલરશીપ મળવાપાત્ર નથી.
  - **NT/DNT (વિચરતી અને વિમુક્ત)** જાતિઓના વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 2,00,000/- થી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા રૂા. 50,000/- સુધીની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.
  - **EWS/SEBC કેટેગરીના** વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 2,50,000/-થી ઓછી હોય તેમણે સરકારશ્રી દ્વારા Rs. 15,000/- સુધીની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.

  Digital Gujarat Scholarships માટે પ્રવેશ મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. Management Quotaમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થીને આ સ્કોલરશીપ મળવાપાત્ર નથી.

DDCET પરીક્ષા અને D2D એડમિશન પ્રોસેસના રેગ્યુલર updates મેળવવા WhatsApp ગ્રુપ જોઇન કરો

Scan to Join

http://diet.vc/wgd2d

Darshan UNIVERSITY
योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310 / 11
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979952 / 62